દાખલ તારીખ.	૨૧/૦૫/૨૦૨૫		
રજીસ્ટરે લીધા તારીખ.	૨૧/૦૫/૨૦૨૫		
ફેંસલ તારીખ.	૨૧/૦૮/૨૦૨૫		
સમય ગાળો :–	વર્ષ	માસ	દિન
	૦૦	૦૩	૦૦

મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મહેસાણા.

ફોજદારી અપીલ નં.–૩૨૧/૨૦૨૫

આંકઃ– ૧૩

એપેલન્ટ :– **કોળી બબાભાઇ દરઘાભાઇ**

ઉ.વ.આ.૫૦, ધંધો.ખેત–મજુરી,

રહે.મુ.ઠાકોરવાસ, રાછેણા,

તા.વાવ, જી.બનાસકાંઠા.

વિરૂધ્ધ

સામાવાળા :– ૧. **વાઘેલા મનજીભાઇ હીરાભાઇ,**

ઉ.વ.આ.૬૦, ધંધો.વેપાર,

રહે.મુ.નવરંગપુરા, કુકરવાડા,

તા.વિજાપુર, જી.મહેસાણા.

૨. ધી સ્ટેટ ઓફ ગુજરાત

એપેલન્ટ તરફે	:– વિ.વ.શ્રી.વિ. કે. વેણ.
રીસ્પોન્ડન્ટ નં.૧. તરફે	:– વિ. વકીલ.શ્રી.એમ.એસ.બુખારી.
રીસ્પોન્ડન્ટ નં.૨. તરફે	:– વિ.સરકારી વકીલ શ્રી.પી.કે.દવે.

વિષય :– બી.એન.એસ.એસ. ની ક.૪૧૫(૩) (ક) મુજબ અપીલ

–// ચુકાદો //–

(૧) એપેલન્ટ/આરોપીને ફો.કે.નં.૩૭૦/૨૦૨૨ ના કામે ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટની ક.૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સજા કરતા અને વળતર ચૂકવવાના એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ, વિજાપુર નાઓના તા.૨૫/૦૫/૨૦૨૫ ના રોજના હુકમથી નારાજ થઈ એપેલન્ટ/આરોપીએ બી.એન.એસ.એસ.ની ક.૪૧૫ મુજબ હાલની અપીલ ગુજારેલી છે, જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે એપેલન્ટ તર્ફે વિ.વશ્રીએ આંક–૧૦ થી લેખિત દલીલો રજુ કરેલ છે જેની વિગતો ધ્યાને લીધી તેમજ એપેલન્ટ તર્ફેના વિ.વ.શ્રીએ પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલો છે.

૧. (૨૦૧૦) ૧૧ એસ.સી.સી. ૪૪૧, સુપ્રિમ કોર્ટ,
ક્રિમીનલ અપીલ નં.૧૦૨૦/૨૦૧૦ રંગપ્પા વિ. શ્રીમોહન.

૨. (૨૦૧૯) ૫ એસ.સી.સી. ૪૧૮,સુપ્રિમ કોર્ટ,
બાસાલીંગપ્પા વિ. મુદીબસપ્પા.

૩. (૨૦૧૮) ૮ એસ.સી.સી. ૧૬૫,સુપ્રિમ કોર્ટ
કીશન રાઓ વિ. શંકર ગૌંડા.

૪. એ.આઇ.આર. ૨૦૨૩ એસ.સી. ૪૭૧, સુપ્રિમ કોર્ટ
રાજારામ સ/ઓ શ્રીરામનાયડુ વિ. મરૂથાચલામ.

૫. ૨૦૨૨(૪) જી.એલ.એચ. ૫૭૯, ગુજરાત હાઇકોર્ટ,
રમેશકુમાર વિઠ્ઠલભાઇ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને બીજા.

૬. (૨૦૦૯) ૨ એસ.સી.સી. ૫૧૩, સુપ્રિમ કોર્ટ,
મે. કુમાર એકસપોર્ટ વિ. મે. શર્મા કાર્પેટ.

૭. ૨૦૦૮(૧) જી.એલ.આર. ૪૨૩
કમલા એસ. વિ. વિદ્યાધરણ એમ.જે. અને બીજા.

૮. (૨૦૧૯) ૯ એસ.એસ.સી. ૧૪૮,ગુજરાત હાઇકોર્ટ,
સતીષચંદ્ર રતનલાલ શાહ વિ. સ્ટેટ ઓફ ગુજરાત.

૯. ૨૦૦૮ (૦) એ.આઇ.જે.ઇ.એલ.–ટી.એન. ૧૨૩૯૪૦૪
કલ્વૈલી વિ. પરથાસરથ્યા.

(૩) આ કામે રીસ્પોડન્ટ નં.૧ તર્ફે વિ.વ.શ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલો સાંભળી. તેઓની દલીલોનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં ફરીયાદી નિવૃત શિક્ષક છે અને તેઓને નિવૃતિ બાદ કેટલીક રકમ મળેલ છે જે બેંકમાં પોસ્ટ ઓફિસમાં રાખવામાં આવેલ અને ફરીયાદી કુકરવાડા ઉબખલ હાઇવે ઉપર નિલેષ નામનું પાર્લર ચલાવી વેપાર કરી પોતાનું તથા પરીવારનું ગુજરાન ચલાવે છે અને હાલના આરોપી આ પાર્લર ઉપર અવાર નવાર આવતા હતા જેથી ફરીયાદીની સાથે ઓળખાણ થયેલ અને ત્યાર બાદ ફરીયાદીના મિત્ર બારડ રણજીતસિંહ મોહનજીની સાથે

આરોપી ફરીયાદીના ઘરે આવેલા અને રૂા.૫ લાખ હાથ ઉછીનાની માંગણી કરેલ, જે રકમ ફરીયાદી પાસે રોકડમાં હોવાથી ફરીયાદીએ આરોપીને આ રકમ હાથ ઉછીની આપેલ અને તે રકમ ચુકવવા માટે આરોપીએ એક મહીના ફેરનો પાકતી મુદતનો ફરીયાદ વાળો ચેક આપેલો અને તે ચેક બેંકમાં રજુ કરતા વગર સ્વીકારાયે પરત ફરેલ. ત્યારબાદ ફરીયાદીએ આરોપીને નોટીસ આપેલ અને નોટીસ બજવા છતાં આરોપીએ પરત ફરેલ ચેકની રકમ ફરીયાદીને ચુકવેલ નથી અને તે સંજોગોમાં આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબનો ગુનો કરેલ છે તે રીતની વિગત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરીને સાબિત કરેલ છે. ટ્રાયલ કોર્ટે આ તમામ બાબતો ગંભીરતાથી ધ્યાને લઇ ફરીયાદપક્ષનો કેસ સાબિત થયેલાનું માનેલ છે અને તે સંજોગોમાં ટ્રાયલ કોર્ટનો હુકમ કાયદેસરનો હોય તેને કાયમ કરી એપેલન્ટની હાલની અપીલ નામંજુર (રદ્દ) કરવા દલીલ કરેલ છે.

(૪) આ કામે સામાવાળા નં.૨ તરફે વિ. સરકારી વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટુકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં આરોપીને ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે અને ટ્રાયલ કોર્ટે કાયદા અને હકીકતોની બાબતને ધ્યાને લઇ જે હુકમ કરેલ છે તે કાયદેસરનો હોય તેને કાયમ કરી એપેલન્ટની હાલની અપીલ નામંજુર (રદ્દ) કરવા દલીલ કરેલ છે.

(૫) આ કામે હાલની અપીલના નિર્ણય માટે ફો.કે.નં.૩૭૦/૨૦૨૨ ના કામનું અસલ રેકર્ડ ગંભીરતાથી વંચાણે લીધું.

(૬) ઉપરોકત હકીકતે હાલની અપીલના નિર્ણય માટે નીચે મુજબના

મુદ્ધા ઉપસ્થિત થાય છે.

મુદ્ધા :-

૧. શું એપેલન્ટ/આરોપી પુરવાર કરે છે કે, એપેલન્ટ/આરોપીને ફો.કે.નં.૩૭૦/૨૦૨૨ ના કામે ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એક્ટની ક.૧૩૮ મુજબના ગુનામાં તકસીકવાન ઠરાવી સજા કરતો અને વળતર ચુકવવાનો એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ, વિજાપુર નાઓનો તા.૨૫-૦૪-૨૦૨૫ ના રોજનો હુકમ કાયદા વિરૂધ્ધનો, ગેરકાયદેસરનો, અસ્પષ્ટ, ભુલ ભરેલો, હસ્તક્ષેપને પાત્ર તેમજ રદ થવાને પાત્ર છે ?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્ધાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્ધા નં.૧ નકારમાં.

૨. મુદ્ધા નં.૨ આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

-//કારણો//-

<u>મુદ્ધા નં.૧:</u>-

(૮) આ કામે હાલના એપેલન્ટ મૂળ ફો. કેસ નં.૩૭૦/૨૦૨૨ ના કામના આરોપી છે. જ્યારે હાલના રીસ્પોન્ડન્ટ નં.૧ મૂળ ફો. કેસ નં.૩૭૦/૨૦૨૨ ના કામના ફરીયાદી છે તે સંજોગોમાં પક્ષકારોની ઓળખ જળવાઈ રહે અને ચર્ચામાં સરળતા રહે તેવા હેતુથી ફો.કેસ નં.૩૭૦/ ૨૦૨૨ ના કામે પક્ષકારોની જે ઓળખ છે તે ઓળખને ધ્યાને લઇ હવે પછી સંબોધન કરવામાં આવશે તેથી પક્ષકારોની ઓળખના મુદ્ધા ઉપર તે મુજબ અર્થઘટન

કરવાનું રહેશે.

(૯) આ કામે આરોપી વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરેલ છે તેમા આરોપીનું સરનામુ **"રહે.રાછેણા, ઠે.પ્રાથમિક શાળા પાસે, કોળીવાસ, તા.વાવ, જી.બનાસકાંઠા"** નુ હોવાનુ જણાવેલુ છે. વધુમાં ફરીયાદીએ **આરોપીને જે નોટીસ આપેલ છે તે નોટીસ આ કામે આંક-૨૨ થી રજુ થયેલ છે અને તેમા આરોપીનું સરનામુ "મુળ રહે.રાછેણા, ઠે.પ્રાથમિક શાળા પાસે, ઠાકોરવાસ, તા.વાવ, જી.બનાસકાંઠા" તે રીતે દર્શાવેલ છે**. વધુમાં, આંક-૧૨ વાળી નોટીસ રજી.પો.એડી. થી મોકલાવ્યા અંગેની પૈસા આપ્યાની પાવતી આંક-૨૩ થી રજુ થયેલ છે અને આ આંક-૨૨ વાળી નોટીસ આરોપીને બજયા અંગેની અસલ એકનોલેજમેન્ટ સ્લીપ આંક-૨૪ થી રજુ થયેલ છે. આવા સંજોગોમાં ફરીયાદીએ આંક-૨૨ વાળી ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબની સ્ટેચ્યુટરી મેન્ડેટરી નોટીસ આરોપીને જે સરનામે આપેલ છે તે સરનામે નોટીસની બજવણી થયેલ છે અને તે જ સરનામુ ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જાહેર કરેલુ છે. જયારે આરોપીએ હાલની અપીલ દાખલ કરેલ છે તેમા પોતાનું સરનામુ "રહે.મુ.ઠાકોરવાસ, રાછેણા, તા.વાવ, જી.બનાસકાંઠા" તે રીતે વિગત જણાવેલ છે. આમ, ગામનુ નામ બદલાતુ નથી અને ફળીયાના નામમાં તફાવત આવે છે પરંતુ આરોપીનો કોઇ પણ જગ્યાએ એવો બચાવ નથી કે રાછેણા ગામ ખુબ જ મોટુ છે અને ઠાકોરવાસ તથા કોડીવાસ બંને અલગ અલગ છે અને બંને ફળીયામાં ટપાલ વિતરણ કરનાર ટપાલી અલગ અલગ છે. આવા સંજોગોમાં આ ફરીયાદીએ આરોપીનું જે સરનામુ દર્શાવેલ છે તે સરનામા બાબતની આરોપીની કોઇ તકરાર નથી. જેથી ફરીયાદીએ આરોપીને જે ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબની સ્ટેચ્યુટરી મેન્ડેટરી નોટીસ આપેલ છે તે આરોપીના કાયદેસરના સરનામે આપેલી છે અને તે નોટીસની બજવણી

આરોપીને થઇ ગયેલ છે તેવુ સાબીત થયેલાનું મારૂ માનવુ છે.

(૧૦) આ કામે આરોપીને ટ્રાયલ કોર્ટમાંથી સમન્સ/વોરંટની બજવણી કરવા માટે પુરતા પ્રયત્નો કરવામાં આવેલા છે અને ટ્રાયલ કોર્ટમાં આરોપી વકીલ મારફતે હાજર થયેલા છે અને આંક–૧૭ થી આરોપીએ પોતાનો બચાવ કરવા માટે જે વકીલશ્રી રોકેલા તેનુ વકીલાતનામુ રજુ થયેલ છે. વધુમાં, આંક–૧૮ થી આરોપીની પ્લી તા.૧૩/૦૫/૨૦૨૪ ના રોજ નોંધવામાં આવેલ છે. આવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફથી શું કેસ દાખલ કરવામાં આવેલ છે અને અદાલત દ્વારા આરોપી વિરૂધ્ધ શું ઈન્સાફી કાર્યવાહી આગળ ચાલવાની છે તેની તમામ માહિતી આરોપીને તા.૧૩/૦૫/૨૦૨૪ ના રોજ આંક–૧૮ વાળી પ્લી નોંધવામાં આવી તે સમયે થઇ ગયેલ છે તેવુ મારૂ સ્પષ્ટ માનવુ છે.

(૧૧) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષના પુરાવામાં આરોપી વિરૂધ્ધ જે કોઇ વિગતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ તેનો ખુલાસો કરવા માટે ક્રિ.પ્રો.કોડની ક.૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ જેમા આરોપીએ પોતાના વિરૂધ્ધની હકીકતો બાબતે કોઇ વિશેષ ખુલાસો કરેલ નથી તેમજ ફરીયાદવાળા ચેક બાબતે અને ફરીયાદી જણાવે છે તેવા નાણાકીય વ્યવહાર સંદર્ભે કોઇ ખુલાસો કરેલ નથી અને વિશેષમાં માત્ર આરોપીએ એવી વિગત જાહેર કરેલ છે કે, **"ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતમાં ખોટો ઉડાઉ જવાબ રજુ કરી ખોટી ફરીયાદ દાખલ કરેલ છે, અમો આરોપી નિર્દોષ છીએ.".**

વધુમાં, આ કામે ક્રિ.પ્રો.કોડની ક.૩૧૩ મુજબના વધારાના નિવેદનમાં આરોપીએ સોગંદ ઉપર પુરાવો આપવા માટે ના પાડેલ છે તેમજ બચાવના સાહેદો તપાસવા માટે હા માં જવાબ આપેલ છે અને તેઓ પુરાવો

રજુ કરવા માટે હા માં જવાબ આપેલ છે. આ હકીકતની સાથે કેસનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આંક–૩૩ ના લીસ્ટથી આરોપીએ માર્ક–૩૩/૧ તથા માર્ક–૩૩/૨ થી દસ્તાવેજો રજુ કરેલ છે અને આંક–૩૫ થી કલોઝીંગ પુરસીસ આપી દીધેલ છે.

આમ, **આરોપીએ બચાવના સાક્ષી તપાસવા માટે કોઇ પ્રયત્ન કરેલ નથી. વધુમાં, જે દસ્તાવેજો આંક–૩૩ ના લીસ્ટથી રજુ કરેલ છે તેને સાબિત કરવા માટે પણ કોઇ પ્રયત્ન કરેલ નથી અને કલોઝીંગ પુરસીસ આરોપી તર્ફે આપી દેવામાં આવેલ છે. આવા સંજોગોમાં અદાલત દ્વારા આરોપીનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ હોય તેવુ નથી અને તે સંજોગોમાં આ તમામ બાબતો ધ્યાને લેતાં આરોપીને ટ્રાયલ કોર્ટમાં ટ્રાયલ દરમ્યાન પોતાનો કાયદેસરનો બચાવ કરવા માટે કાયદેસરની વ્યાજબી, પુરતી તક અને પુરતો સમય મળેલો છે અને જેથી આરોપીના કાયદેસરના બચાવ ઉપર સીધો કે સાંયોગિક રીતે કોઇ તરાપ વાગેલો નથી કે કોઇ કાપ મુકવામાં આવેલો નથી તેમ સ્પષ્ટ માનું છું**.

(૧૨) આ કામે ફરીયાદીએ આરોપીને ફરીયાદવાળો ચેક પરત આવ્યા બાદ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબની સ્ટેચ્યુટરી મેન્ડેટરી નોટીસ આપેલ છે અને તે નોટીસની સ્થળપ્રત આંક–૨૨ થી રજુ થયેલ છે. **આરોપીનો કોઇ પણ જગ્યાએ એવો બચાવ નથી કે આરોપીએ આંક–૨૨ વાળી નોટીસનો જવાબ ફરીયાદીને આપેલો છે**. આમ, આંક–૨૨ વાળી નોટીસ બજયા બાદ આરોપીએ ફરીયાદીને નોટીસનો કોઇ જવાબ આપેલો નથી. જેથી આરોપીએ આંક–૨૨ વાળી નોટીસમાં કરવામાં આવેલા આક્ષેપોને પડકારતા નથી તેવુ માનવુ પડે અને આંક–૨૨ વાળી નોટીસમાં કરવામાં આવેલા આક્ષેપો આરોપી ગર્ભીત રીતે કબુલ મંજુર રાખે છે તેવુ પણ માનવુ પડે.

વધુમાં, વ્યવહારના સામાન્ય ક્રમ મુજબ કોઇ વ્યકિત સામે ખોટા આક્ષેપો કરવામાં આવે તો વ્યકિત તેની સામે કોઇ પ્રતિક્રિયા કરે પરંતુ આ કિસ્સામાં આંક–૨૨ વાળી નોટીસ બજયા બાદ આરોપીએ નોટીસનો જવાબ આપીને કોઇ ખુલાસો કરેલો નથી તેમજ આ નોટીસ આરોપીને બજેલ નથી તેવો પણ કોઇ બચાવ લીધેલ નથી. આમ, **આંક–૨૨ વાળી નોટીસમાં ફરીયાદીએ આરોપીના ફરીયાદવાળા ચેકનો ઉલ્લેખ કરેલ છે તે ચેક બાબતે નોટીસ બજયા બાદ આરોપીએ કોઇ ખુલાસો કરેલ નથી તેવુ માનવુ પડે**. વધુમાં, **આરોપીએ આંક–૨૨ વાળી નોટીસ બજયા બાદ ફરીયાદીને નોટીસ પ્રમાણેની રકમ ચુકવવા માટે પ્રયત્ન કરેલ હોય અને ફરીયાદીએ તેવી રકમ સ્વીકારવાનો ઈન્કાર કરેલ હોય તેવો કોઇ બચાવ નથી કે તેવી કોઇ રજુઆત નથી**. તે સંજોગોમાં ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ ની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો નોટીસ બજયા બાદ દિન–૧૫ માં પરત ફરેલ ચેકની રકમ ચુવવામાં આવતી નથી ત્યારે ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબનો ગુનો બને છે.

(૧૩) આ કામે ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આંક–૦૫ થી સોગંદ ઉપર જુબાની આપેલી છે અને આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા ફરીયાદીની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદરહું ફ**રીયાદીની સરતપાસ તેમજ ઉલટતપાસની હકીકતોનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો તેમા કોઇ પણ જગ્યાએ ફરીયાદીવાળો ચેક આરોપીના ખાતાનો નથી તે રીતની કોઇ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. વધુમાં, **ફરીયાદીની જુબાનીમાં ફરીયાદવાળો ચેક અન્ય કોઇ ત્રાહિત વ્યકિતને આપવામા આવેલ હોય અને તે વ્યકિત પાસેથી ફરીયાદીએ ચેક મેળવેલ હોય તેવી પણ કોઇ વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી**. આ સિવાય ફરીયાદી કુકરવાડા ગામમાં રહે છે અને કુકરવાડા ગામમાં આરોપી જીવનમાં કયારેય ગયેલ ન હોય

કે ફરીયાદીની દુકાને આરોપી કયારેય ગયેલ ન હોય તે રીતની કોઇ વિગત પણ રેકર્ડ ઉપર બચાવમાં આરોપીના વિ.વ.શ્રી દ્વારા લાવવામાં આવેલ નથી. **આ ફરીયાદવાળા ચેક ઉપરની સહી ખોટી અને બનાવટી હોય તેવો પણ આરોપી તર્ફે કોઇ બચાવ લેવામાં આવેલ નથી**. આવા સંજોગોમાં ફરીયાદીની જુબાનીની વિગત ધ્યાને લેતાં આંક–૧૯ વાળો ચેક આરોપીના ખાતાનો છે અને ચેક ઉપરની સહી આરોપીની છે તે રીતની વિગતને વ્યાજબી સમર્થન મળે છે તેમ માનું છું.

વધુમાં, આ કામે આંક–૨૨ વાળી નોટીસમાં ફરીયાદીએ આરોપીને રકમ જે સાહેદની હાજરીમાં આપેલી તે સાહેદને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ આંક–૨૯ થી તપાસવામાં આવેલ સાહેદ બારડ રણજીતસિંહ મોહનસિંહની ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રીએ કરેલ છે અને તે ઉલટતપાસમાં આરોપીના વિ.વ.શ્રીએ એવુ રેકર્ડ ઉપર લાવેલ છે કે,

> " **આંક–૧૯ વાળો ચેક મારી રૂબરૂમાં ફરીયાદીએ ભરેલો અને આરોપીએ સહી કરેલ. એ વાત ખરી છે કે, કહેવાતા વ્યવહાર બાબતે કોઇ લખાણ કરેલ નથી** . "

આમ, **ફરીયાદીએ આરોપીને જે કોઇ રકમ આપેલ છે તે રકમનું કોઇ લખાણ થયેલ નથી તેવુ આરોપીના વિ.વ.શ્રી રેકર્ડ ઉપર લાવેલા છે. જેથી તેવુ કોઇ લખાણ થયેલ ન હોવાથી ફરીયાદીને નાણાકીય વ્યવહાર બાબતે લખાણ રજુ કરવાનું રહેતુ નથી**. વધુમાં, ચેક ઉપર સહી સાહેદની હાજરીમાં આરોપીએ કરેલ છે. જેથી સહી બાબતે પણ કોઇ દ્રષ્ટિકોણથી તકરાર ટકવા પાત્ર રહેતી નથી.

આવા સંજોગોમાં આ તમામ બાબતો ધ્યાને લેતાં ફરીયાદીએ, આરોપીને રૂા.પ લાખ રોકડા સાહેદની હાજરીમાં આપેલા અને તે રકમ ચુકવવા માટે આરોપીએ ફરીયાદીને ફરીયાદવાળો ચેક આપેલ છે અને તે ચેક

<u>**બેંકમાં રજૂ કરતા વગર સ્વીકારાયે પરત ફરતા ફરીયાદીએ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબની સ્ટેચ્યુટરી મેન્ડેટરી નોટીસ આપેલ છે. જે નોટીસ આરોપીને તેના કાયદેસરના સરનામે બજી ગયેલ છે અને ત્યારબાદ આરોપીએ ફરીયાદીને પરત ફરેલ ચેકની રકમ સ્ટેચ્યુટરી મેન્ડેટરી નોટીસ પીરીયડમાં ચુકવેલા નથી**</u>. આવા સંજોગોમાં આ તમામ બાબતો રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ તરફથી લાવીને સાબિત કરવામાં આવેલ હોવાથી આરોપી વિરૂઘ્ઘ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૯ મુજબનું પ્રિઝમશન ડ્રો થયેલાનું સાબિત થાય છે તેમ માનું છું.

આરોપી વિરૂઘ્ઘ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૯ મુજબનું પ્રિઝમશન ડ્રો થયા બાદ આરોપીએ આ પ્રિઝમશન રીબર્ટ કરવુ પડે. આ કિસ્સામાં ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો છે તેમજ ચેક ઉપરની સહી આરોપીની છે તેવા સંજોગોમાં આ ચેક ચેકબુકમાં હતો તે સમયે આરોપીએ કયા હેતુથી ચેક ઉપર સહી કરેલ અને ચેક કઈ વ્યકિતને, કયારે આપેલ તે રીતની અને તેને સંલગ્ન તેનું જ્ઞાન સ્વાભાવિક રીતે આરોપીને હોય અને તેથી આરોપીની અંગત જાણમાં આ હકીકત હોવાથી તે વિગત રેકર્ડ ઉપર લાવીને સાબિત કરવાનો સાબિતીનો બોજો આરોપીના શીરે રહે છે. આ બાબતે ભારતીય પુરાવા અધિનિયમની ક.૧૦૬ ની જોગવાઈ ઘ્યાને લેવી ખૂબજ જરૂરી છે. આવા સંજોગોમાં ક.૧૦૬ ની જોગવાઈ ઘ્યાને લેવામાં આવે તો જે હકીકત જે વ્યકિતની અંગત જાણમાં હોય અને તે એવુ ઈચ્છતો હોય કે અદાલત તેના પુરાવાના અસ્તિત્વની બાબતને માને તો તે વિગતો રેકર્ડ ઉપર લાવીને સાબિત કરવાનો બોજો તેવુ કથન કરનાર વ્યકિતના શીરે રહેલ છે. <u>**આ કિસ્સામાં હાલના આરોપીએ ફરીયાદવાળો ચેક સહી કરીને કયા હેતુથી, કઈ વ્યકિતને, કયારે આપેલ તે બાબતે કોઈ વ્યાજબી ખુલાસો રેકર્ડ ઉપર લાવીને સાબિત કરી શકેલા નથી અને તે સંજોગોમાં ભારતીય પુરાવા અધિનિયમની ક.૧૦૬ ની જોગવાઈ અનુસાર પણ આરોપી વિરૂઘ્ઘ**</u>

<u>પ્રિઝમશન ડ્રો કરવાનું થાય છે</u>.

વધુમાં,આ કામે આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબનું પ્રિઝમશન રીબર્ટ કરી શકતા નથી. જેથી ફરીયાદપક્ષ તરફથી રજુ કરેલા પુરાવાની વિગતો ધ્યાને લેતાં આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબનો ગુનો કરેલાની વિગત સાબિત થાય છે તેમ માનું છું.

(૧૪) આ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા પોતાની દલીલના સમર્થનમાં

૧. (૨૦૧૦) ૧૧ એસ.સી.સી. ૪૪૧, સુપ્રિમ કોર્ટ,
ક્રિમીનલ અપીલ નં.૧૦૨૦/૨૦૧૦ રંગપ્પા વિ. શ્રીમોહન.

૨. (૨૦૧૯) ૫ એસ.સી.સી. ૪૧૮,સુપ્રિમ કોર્ટ,
બાસાલીંગપ્પા વિ. મુદીબસપ્પા.

૩. (૨૦૧૮) ૮ એસ.સી.સી. ૧૬૫,સુપ્રિમ કોર્ટ
કીશન રાવ વિ. શંકર ગૌંડા.

૪. એ.આઇ.આર. ૨૦૨૩ એસ.સી. ૪૭૧, સુપ્રિમ કોર્ટ
રાજારામ સ/ઓ શ્રીરામનાયડુ વિ. મરૂથાચલામ.

૫. ૨૦૨૨(૪) જી.એલ.એચ. ૫૭૯, ગુજરાત હાઇકોર્ટ,
રમેશકુમાર વિઠ્ઠલભાઇ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને બીજા.

૬. (૨૦૦૯) ૨ એસ.સી.સી. ૫૧૩, સુપ્રિમ કોર્ટ,
મે. કુમાર એકસપોર્ટ વિ. મે. શર્મા કાર્પેટ.

૭. ૨૦૦૮(૧) જી.એલ.આર. ૪૨૩
કમલા એસ. વિ. વિદ્યાધરણ એમ.જે. અને બીજા.

૮. (૨૦૧૯) ૯ એસ.એસ.સી. ૧૪૮,ગુજરાત હાઇકોર્ટ,
સતીષચંદ્ર રતનલાલ શાહ વિ. સ્ટેટ ઓફ ગુજરાત.

૯. ૨૦૦૮ (૦) એ.આઇ.જે.ઇ.એલ.–ટી.એન. ૧૨૩૯૪૦૪

કલ્વૈલી વિ. પરથાસરથ્યા.

ના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે તે ચુકાદાઓના માર્ગદર્શક સિધ્ધાંતોને ગંભીરતાથી ધ્યાને લીધા. હાલના કેસના સંજોગો ધ્યાને લેવામાં આવે તો આરોપીનો કોઇ પણ જગ્યાએ એવો બચાવ નથી કે ફરીયાદી અને આરોપી એકબીજાને કયારેય જીવનમાં મળેલા નથી અને બંને એકબીજા માટે અજાણ વ્યકિત છે. વધુમાં **આરોપીનો કોઇ પણ જગ્યાએ એવો બચાવ નથી કે તેઓ કયારેય કુકરવાડા મુકામે ભાડાના મકાનમાં રહેલ નથી અને કયારેય કુકરવાડા ઉબખલ હાઇવે ઉપર નિલેષ પાર્લર ઉપર જઇને બેઠેલા નથી**. વધુમાં **આરોપીનો કોઇ પણ જગ્યાએ એવો બચાવ નથી કે ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો નથી. આ સિવાય ફરીયાદ વાળા ચેક ઉપર આરોપીની સહી નથી તેવો કોઇ બચાવ નથી**. આ સિવાય આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્બારા નિ.૩૩/૧ તથા નિ.૩૩/૨ થી જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે તે નિ.૩૩/૧ વાળા દસ્તાવેજની વિગત ધ્યાને લેવામાં આવે તો તેમા ટ્રેકટર લોનના રીપેમેન્ટનું શીડયુલ છે અને તેમા **"SI"** એટલે કે સ્ટાન્ડર્ડ ઇન્સ્ટ્રકશન આપવામાં આવેલ છે અને જેથી હાલના રીપેન્ટ શીડયુલમાં રકમ માટે ખાતામાંથી સીધો હપ્તો કપાય તે રીતનો તે દસ્તાવેજ છે. જેથી આ લોનની રકમ ચુકવવા માટે ચેક આપવામાં આવેલ હોય તેવુ સ્વાભાવિક રીતે માની શકાય નહી. વધુમાં, આરોપીએ જે ટ્રેકટરની લોન સંદર્ભે આ દસ્તાવેજ રજુ કરેલ છે તે ટ્રેકટર સંદર્ભે કોઇ વેચાણ કરાર કરેલ હોય અથવા ટ્રાન્સફર કરેલ હોય અથવા અન્ય કોઇ ત્રાહિત વ્યકિતને કરારનો ભંગ કરીને ગીરવે આપેલ હોય તે રીતની પણ કોઇ વિગત રેકર્ડ ઉપર લાવેલ નથી કે તેવો બચાવ રજુ કરેલો નથી. તે સંજોગોમાં નિ.૩૩/૧ તથા નિ.૩૩/૨ વાળા દસ્તાવેજોના આધારે આરોપીના કાયદેસરના બચાવને સીધુ કે સાંયોગિક કોઇ સમર્થન મળતુ નથી. વધુમાં, આ કામે આરોપીને નોટીસની બજવણી થયા બાદ આરોપીએ નોટીસનો કોઇ જવાબ આપેલો નથી અને અદાલતમાં હાજર

થયા બાદ આરોપીએ પરત ફરેલ ચેકની રકમ હાજર થયાના દિન–૧૫ માં અદાલતમાં વાંધા સાથે કે વાંધા વગર ડીપોઝીટ કરાવવવા માટે પ્રયત્ન કરેલ હોય તેવુ પણ નથી. જેથી, આ તમામ બાબતો ધ્યાને લેતાં આરોપી દ્વારા ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૧૮ અને ક.૧૩૯ મુજબનુ પ્રિઝમશન રીબર્ટ થતુ નથી તેવુ આ કેસમાં જણાય આવે છે.

(૧૫) આવા સંજોગોમાં ઉપરોકત તમામ ચર્ચાની વિગતો ધ્યાને લેવામાં આવે અને ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં જે કોઇ બાબતો ધ્યાને લીધેલ છે તે જોતાં ટ્રાયલ કોર્ટ દ્વારા પુરાવાનું કાયદેસરની જોગવાઇ અંતર્ગત યોગ્ય અને વ્યાજબી મુલ્યાંકન કરેલુ છે અને પોતાના નિર્ણય માટે વ્યાજબી કારણો આપેલ છે. જેથી ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવા માટેનું કાયદેસરનું, વ્યાજબી, ટકી શકે તેવુ મુનાશીફ, ન્યાયીક કારણ મને જણાતુ નથી. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું.

<u>**મુદ્દા નં.૨:–**</u>

(૧૬) ના.સર્વોચ્ચ અદાલતે 2025 (0) AIJEL-SC 75084, SUPREME COURT OF INDIA, Correspondence, Rbanms Educational Institution Versus B.Gunashekar & Another ના ચુકાદામા ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતને ધ્યાને લેવામા આવે તો ના. સર્વોચ્ચ અદાલતે જે કેસોમા રૂા. બે લાખ કે તે કરતા વધારે રકમનો રોકડમા વ્યવહાર કરવામા આવેલો હોય તેવા કેસોમા ઇન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટમા જાણ કરવા આદેશ કરેલો છે.

ના. સર્વોચ્ચ અદાલતે પોતાના ચુકાદામા એવુ નોધેલુ છે કે,

" Restriction on cash transactions

In India, the quantum of domestic black money is huge which adversely affects the

revenue of the Government creating are source crunch for its various welfare programmes. Black money is generally transacted in cash and large amount of unaccounted wealth is stored and used in form of cash. In order to achieve the mission of the Government to move towards a less cash economy to reduce generation and circulation of black money, it is proposed to insert section 269ST in the Act to provide that no person shall receive an amount of three lakh rupees or more,

(a) in aggregate from a person in a day;

(b) in respect of a single transaction; or

(c) in respect of transactions relating to one event or occasion from a person,

Otherwise than by an account payee cheque or account payee bank draft or use of electronic clearing system through a bank account.

It is further proposed to provide that the said restriction shall not apply to Government, any banking company, post office, savings bank or co-operative bank. Further, it is proposed that such other persons or class of persons or receipts may

be notified by the Central Government, for reasons to be recorded in writing, on whom the proposed restriction on cash transactions shall not apply. Transactions of the nature referred to in section 269SS are proposed to be excluded from the scope of the said section. **It is also proposed to insert new section 271DA in the Act to provide for levy of penalty on a person who receives a sum in contravention of the provisions of the proposed section 269ST. The penalty is proposed to be a sum equal to the amount of such receipt**. The said penalty shall however not be levied if the person proves that there were good and sufficient reasons for such contravention. It is also proposed that any such penalty shall be levied by the Joint Commissioner. It is also proposed to consequentially amend the provisions of section 206C to omit the provision relating to tax collection at source at the rate of one per cent. of sale consideration on cash sale of jewellery exceeding five lakh rupees.

These amendments will take effect from 1st April 2017.

However, when the Bill was passed, the permissible limit was capped under Rupees Two Lakhs, instead of the proposed Rupees Three Lakhs."

આવા સંજોગોમા રૂા. બે લાખ કે તે કરતા વધારે રકમના રોકડના વ્યવહાર માટે ઇન્કમટેક્ષ એકટની જોગવાઈ લાગુ પડે છે તે બાબત પણ અદાલતે ધ્યાને લેવી પડે. આવા સંજોગોમા ઇનકમ ટેક્ષની **S.269ST : Mode of undertaking transactions.** ની જોગવાઇ પણ અત્રે નોધવી જરૂરી છે અને તે એવી છે કે,

" S.269ST : Mode of undertaking transactions.

No person shall receive an amount of two lakh rupees or more-

(a) **<u>in aggregate from a person in a day</u>**; or

(b) **<u>in respect of a single transaction</u>**; or

(c) **<u>in respect of transactions relating to one event or occasion from a person, otherwise than by an account payee cheque</u>** or an account payee bank draft or use of electronic clearing system through a bank account [or through such other electronic mode as may be prescribed]:

Provided that the provisions of this section shall not apply to-

(i) any receipt by-

(a) Government;

(b) any banking company, post office savings bank or co-operative bank;

(ii) transactions of the nature referred to in section 269SS;

(iii) such other persons or class of persons or receipts, which the Central Government may, by notification in the Official Gazette , specify.

Explanation.-For the purposes of this section,-

(a) "banking company" shall have the same meaning as assigned to it in clause (i) of the Explanation to section 269SS;

(b) "co-operative bank" shall have the same meaning as assigned to it in clause (ii) of the Explanation to section 269SS.] "

આમ, ઈન્કમટેક્ષ એકટની S.269ST ની આ જોગવાઈ અનુસાર વ્યકિત એકજ દિવસમા રૂા.૨,૦૦,૦૦૦/-નો વ્યવહાર રોકડમા કરી શકે નહી તેમજ એકજ દિવસમા રૂા.૨,૦૦,૦૦૦/-નો ભેગો રોકડમા વ્યવહાર પણ કરી શકે નહી. જો આવો કોઈ વ્યવહાર કરવામા આવેલો હોય તો આ જોગવાઈ પ્રમાણે શિક્ષા પાત્ર ગુનો બને છે. વધુમા, આ જોગવાઈ અનુસાર કાયદેસરની રકમ હોય તો પણ રોકડમા વ્યવહાર કરવામા આવેલો હોય તે ગુનો બને છે તે બાબતે છે. આમ, રોકડમા વ્યવહાર નહી કરવા માટેની આ

<u>કાયદાની જોગવાઇ છે</u>.

<u>આવા સંજોગોમા જયારે રૂા. બે લાખ કે તેથી વધારે રકમના રોકડ વ્યવહારની બાબત અદાલતના ધ્યાન ઉપર આવે તે સમયે અદાલતે ઉપરોકત ચુકાદાના હાર્દ અને ઇન્કમટેક્ષ એકટની જોગવાઇ અનુસાર ઇન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટને કાળા નાણા સંદર્ભનો વ્યવહાર છે કે કેમ તે બાબતે જરૂરી તપાસ કરવા માટે કેસમા રજુ થયેલા દસ્તાવેજો સાથે જાણ કરવી ખુબજ જરૂરી બને છે તેવુ મારૂ શુધ્ધબુધ્ધીપુર્વકનુ માનવુ છે</u>. આ સિવાય નાણા કાયદેસરના હોય તો પણ **<u>S.269ST</u>** મુજબ ગુનો બનતો હોવાથી અદાલતે જે વ્યવહાર ગુનો બને છે અને તેવા વ્યવહાર બાબતે આરોપી વિરૂધ્ધ ઇન્સાફી કાર્યવાહી ચલાવવામા આવે છે તો ફરીયાદીએ ઇન્કમ ટેક્ષની ઉપરોકત જોગવાઇ મુજબ નાણા કાયદેસરના હોવા છતા જો ગુનો કરેલો છે તો ફરીયાદી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવી પડે. જો અદાલત કાયદેસરની કાર્યવાહી જવાબદાર ગુનેગાર સામે કરતી નથી તો ગુનેગારો બાબતે પક્ષપાતી વલણ અપનાવવામા આવે છે તેવી પરીસ્થતીનુ નિર્માણ થાય તેમ જણાય છે.

આ કેસમા ફરીયાદીના જણાવ્યા મુજબ ફરીયાદીએ તા.૨૭/૧૧/ ૨૦૨૧ માં આરોપીને રૂા.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ લાખ પુરા) હાથ ઉછીના આપેલાનો વ્યવહાર કરેલો છે અને તે વ્યવહાર રૂા.૨ લાખ કરતા વધારે રકમનો રોકડમાં વ્યવહાર છે. વધુમા, હાલના ફરીયાદીએ આ સમયગાળા દરમ્યાન અન્ય વ્યકિત સાથે વ્યવહારો કરેલા હોય તેની વિગત તેમજ જો કોઇ અન્ય વ્યકિતઓ સામે ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબની કોઇ ફરીયાદ કરેલી હોય અને તેમા પણ વ્યવહાર રોકડમા અને આ સમય ગાળાનો હોય તો તેની વિગત આરોપી શોધી લાવીને આવકવેરા ખાતાને જણાવી શકે છે. તેથી આ તમામ વ્યવહારની જાણ ઇન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટને કાયદેસરની કાર્યવાહી કરવા માટે કરવી ખુબજ જરૂરી છે તેવુ મારૂ શુધ્ધબુધ્ધીપુર્વકનુ માનવુ છે.

(૧૭) આ કામે ના. સર્વોચ્ચ અદાલતના 2025 (0) AIJEL-SC 75084, SUPREME COURT OF INDIA, Correspondence, Rbanms Educational Institution Versus B.Gunashekar & Another ના ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતને ધ્યાને લેતા રૂા. ૨,૦૦,૦૦૦/– કે તેથી વધુના રોકડ રકમના વ્યવહાર સંદર્ભે ઈન્કમટેક્સ ખાતાને જાણ કરવા માટે આદેશ કરેલો છે તેનો હાર્દ તેમજ ઈન્કમ ટેક્ષ એક્ટની **S.269ST** મુજબ ગુનો બને છે તેવા વ્યવહારો અદાલત સમક્ષની કાર્યવાહી દરમ્યાન અદાલતના ધ્યાન ઉપર આવે તો અદાલતની પણ કાયદેસરની ફરજ છે કે આવી બાબત જરૂરી પુરાવાઓ સાથે ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટને લેખીતમા અદાલતના રેકર્ડ ઉપર ઉપલબ્ધ દસતાવેજી પુરાવા સાથે જાણ કરવી પડે.

વધુમા, જે વ્યકિત આ રીતે નાણા રોકડમા આપે છે તેની પણ આવક વેરા કાયદા અનવ્યે ગુનાહીત જવાબદારી ઉભી થાય છે.

વધુમા, **જે વ્યકિત રૂા.૨૦,૦૦૦/– કરતા વધારે રકમ રોકડમા ચુકવે છે તો આવક વેરાના કાયદાની જોગવાઇ મુજબ આવી રોકડમા રકમ આપનારની જવાબદારી ઉભી થાય છે. આ કિસ્સામા રોકડા રૂા.૫,૦૦,૦૦૦/– આરોપીને આપેલાનો ફરીયાદપક્ષનો કેસ છે. જેથી ફરીયાદીએ આ ઈન્કમટક્ષ એકટ અન્વયે ગુનો કરેલો છે તેવુ સ્પષ્ટ થાય છે જેથી ફરીયાદીની તે બાબતે તે કાયદા અન્વયે ગુનાહીત જવાબદારી ઉભી થાય છે તેમ માનુ છુ**.

આવા સંજોગોમાં હાલના કેસની વિગત ધ્યાને લેવામાં આવે તો, તો, આંક–૨૨ ની નોટીસ મુજબ રૂા.૫,૦૦,૦૦૦/– ફરીયાદીએ આરોપીને રોકડા આપેલા હોય તેવું સ્પષ્ટ થાય છે. સોગંદ ઉપરની જુબાનીમાં પણ ફરીયાદીએ આજ વિગત જણાવેલી છે. આવા સંજોગોમાં ના.સર્વોચ્ચ અદાલતનાના ઉપરોક્ત ચુકાદાના આદેશને ધ્યાને લેતા તેમજ ઈન્કમટેક્ષ એક્ટની **S.269ST** ની જોગવાઈ અને **અન્ય જોગવાઈ** ધ્યાને લેતા, આ તમામ

બાબતો ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટના ધ્યાને ઉપર લાવી ખૂબ જ જરૂરી જણાય છે અને તેથી આ તમામ જાણકારી, આ તમામ માહિતી ઇન્કમટેક્સ ખાતાને મોકલવાનો હુકમ કરવો ખૂબ જ જરૂરી છે તેમ માનુ છુ.

(૧૮) આ કામે ફરીયાદ વાળો ચેક આરોપીના ખાતાનો છે અને આ ચેક ઉપરની સહી આરોપીની છે તે વિગત પુરાવામાં સાબિત થયેલ છે. આંક–૨૨ વાળી ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબની સ્ટેચ્યુટરી મેન્ડેટરી નોટીસ આરોપીને તેના કાયદેસરના સરનામે બજી ગયેલ છે તેવુ સાબિત થયેલુ છે. આરોપીએ ફરીયાદીને નોટીસ પ્રમાણેની રકમ ચુકવી આપેલ હોય તેવી કોઇ વિગત રેકર્ડ ઉપર લાવીને સાબિત કરેલ નથી. આરોપી દ્વારા ફરીયાદી સાથે કયારેય કોઇ વ્યવહાર થયેલ ન હોય તે રીતની વિગત રેકર્ડ ઉપર લાવીને સાબિત કરવામાં આવેલ નથી. આવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફથી રજુ કરેલ પુરાવાના આધારે ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૯ મુજબનું પ્રિઝમશન ડ્રો થાય છે. આ કામે આરોપી ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૯ મુજબનું પ્રિઝમશન રીબર્ટ કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલા છે. વધુમાં ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામા આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ મુજબનો ગુનો કરેલાની હકીકત સાબિત થયેલ છે. આવા સંજોગોમાં ટ્રાયલ કોર્ટ દ્વારા રજુ થયેલ મૌખિક પુરાવાનું તેમજ દસ્તાવેજી પુરાવાઓનું કાયદાની જોગવાઇઓ અંતર્ગત કાયદેસરનુ યોગ્ય અને વ્યાજબી મુલ્યાંકન કરેલુ છે. ટ્રાયલ કોર્ટ દ્વારા પુરાવાનું મુલ્યાંકન કર્યા બાદ જે નિર્ણય કરેલ છે તથા તે નિર્ણય માટે જે કારણો આપેલ છે તેની સાથે અત્રેની એપેલેટ કોર્ટ સહમત થાય છે. જેથી ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવા માટેનું કાયદેસર, વ્યાજબી, ન્યાયીક, ટકી શકે તેવુ કોઇ કારણ મને જણાતુ નથી. જેથી એપેલન્ટની હાલની અપીલ

મંજુર કરી શકાય નહી તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

-// હુકમ //-

આથી એપેલન્ટની હાલની અપીલ નામંજુર (રદ) કરવામાં આવે છે.

આથી એપેલન્ટ/આરોપીને ફો.કેસ નં.૩૭૦/૨૦૨૨ ના કામે ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટની ક.૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સજા કરતા અને વળતર ચૂકવવાના એડી. જ્યુડી. મેજી. (ફ.ક.), વિજાપુર નાઓના તા.૨૫/૦૪/૨૦૨૫ ના હુકમને આથી કાયમ કરવામાં આવે છે.

આથી એપેલન્ટ/આરોપીના જામીનખત રદ કરવામાં આવે છે.

એપેલન્ટ/આરોપીએ બાકીની સજા ભોગવવા માટે ટ્રાયલ કોર્ટમા તા.૨૮/૦૮/૨૦૨૫ સુધીમા જાતે હાજર થઇ જવુ.

જો એપેલન્ટ/આરોપી બાકીની સજા ભોગવવા માટે ટ્રાયલ કોર્ટમા જાતે હાજર ન થાય તો ટ્રાયલ કોર્ટે, આરોપી સામે બાકીની સજાની અમલવારી માટે વોરંટ/સજા વોરંટ કાઢી, વોરંટ / સજા વોરંટની અમલ બજવણી કરાવડાવી, બાકીની સજાની તાત્કાલિક અમલવારી કરાવવી તેવો હુકમ કરવામાં આવે છે.

ટ્રાયલ કોર્ટે એપેલન્ટ/આરોપી સામે કાઢેલ વોરંટ/સજા વોરંટ તથા વોરંટ/સજા વોરંટની અમલ બજવણી થયા અંગેનો તે રીતના બંને અલગ રીપોર્ટ અત્રેની કોર્ટમાં બિનચુક કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, એપેલન્ટ/આરોપીએ આ કેસ સંદર્ભે ટ્રાયલ કોર્ટમાં તેમજ એપેલેટ કોર્ટમાં જો કોઈ રકમ ડિપોઝીટ પેટે ભરેલી હોય તો આ હુકમની તારીખથી દિન-૩૦ પુરા થયા બાદ તે રકમ ફરીયાદીને ચૂકવવાની રહેશે અને ટ્રાયલ કોર્ટના હુકમ મુજબ વળતરની જે રકમ ચૂકવવાની થાય છે તેમાં તે રકમ મજરે આપવાની રહેશે.

વધુમા, આરોપીએ પોતાની દિવાની જવાબદારી અદા કરવા માટે જો કોઇ રકમ ચુકેવલ હશે તો તે વળતરની રકમમા મજરે મળવાપાત્ર રહેશે નહી તેવો હુકમ કરવામા આવે છે.

વધુમાં, એવો હુકમ કરવામાં આવે છે કે, ટ્રાયલ કોર્ટે આ હુકમના પેરા નં.૧૬ થી પેરા નં.૧૭ માં ધ્યાને લીધેલી બાબતો, અનુસાર આંક-૧ ની ફરીયાદ, વેરીફીકેશન, ફરીયાદીનું સોગંદનામુ, આંક-૦૫ ની ફરીયાદીની સોગંદ ઉપરની જુબાની, આંક-૨૯ વાળા સાહેદ બારડ રણજીતસિંહ મોહનજીની જુબાની, આંક-૧૯ થી આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નંબર ૦૦૦૦૦૪, આંક-૨૦ થી ફરીયાદીએ તેમના ખાતામાં ચેક જમા કરાવ્યા અંગેની બેન્ક સ્લીપ, આંક-૨૧ થી આરોપીની બેન્કનો ચેક પરત ફર્યાનો અસલ રીટર્ન મેમો, આંક-૨૨ ની નોટીસની નકલ, આંક-૨૩ થી આરોપીને રજીસ્ટર્ડ પોસ્ટ મારફતે મોકલેલ નોટીસની રજીસ્ટર પાવતી, આંક-૨૪ થી એકનોલેજમેન્ટ સ્લીપ તે રીતના દસ્તાવેજોની ખરી નકલ ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટને હુકમની તારીખથી દિન-૭ માં અત્રેની કોર્ટના હુકમની નકલ સાથે જરૂરી આગળની કાર્યવાહી માટે મોકલી આપવી અને તે મોકલ્યા અંગેનો રિપોર્ટ અત્રેની કોર્ટને દિન-૦૩ માં બિનચુક કરવો.

વધુમા, એવો પણ હુકમ કરવામા આવે છે કે, આ દસ્તાવેજો આવકવેરા ખાતાની કચેરીમા આવે અને તે શાખાને એવુ લાગે તેઓની શાખાને સ્થાનીક હકુમતનો બાધ નડે છે તો તેઓએ પોતાના ખાતા મારફતે લાગુ હકુમત ધરાવતી શાખાને તે દસ્તાવેજો મોકલવા.

વધુમા, આવકવેરા ખાતાએ હાલના આરોપીને ફરીયાદીએ જો આ સમયગાળા દરમ્યાન આવા કોઈ રોકડમા વ્યવહારો કરેલાની કોર્ટમા અન્ય કોઇ વ્યકિત સામે ફરીયાદ /ફરીયાદો કરેલી હોય તો તેની ખરી નકલો રજુ કરવા માટે જરૂરી રજુઆત કરવાની તક આપવી તેવો હુકમ કરવામા આવે છે.

વધુમા, એવો પણ હુકમ કરવામા આવે છે કે, આવકવેરા ખાતાએ

આ દસ્તાવેજો મળ્યા અંગેનો રીપોર્ટ ટ્રાયલ કોર્ટને કરવો તેમજ કરવામા આવેલી કાર્યવાહીની વિગત પણ જણાવવી.

આ હુકમની એક નકલ ફો.કે.નં.૩૭૦/૨૦૨૨ ના રેકર્ડ સાથે બાંધવા માટે મોકલી આપવી.

ફો.કે.નં.૩૭૦/૨૦૨૨ ના કામનું અસલ રેકર્ડ તાત્કાલિક અસરથી ટ્રાયલ કોર્ટને પરત મોકલવું.

આ હુકમ આજરોજ તા.૨૧ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૨૧/૦૮/૨૦૨૫ (એમ.એફ. ખત્રી)

સ્થળઃ મહેસાણા બીજા એડીશ્નલ સેશન્સ જજ,

મહેસાણા

જીજે૦૦૬૯૧